શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

સર્વવિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૩ અંક : ૧૧
નવેમ્બર : ૨૦૨૧

આવો અલબેલા આધાર, આંખલડીમાં રાખું રે.
કરી રાખું હૈયાનો હાર, પ્રાણ વારી નાખું રે.

અ.નિ. યોગેશભાઈ ગાંધીની સ્મૃતિમાં આયોજિત શ્રીમદ્ ભાગવત કથા દરમિયાન પોથીયાત્રા તથા વક્તાશ્રી સાથે યજમાન પરિવાર

ધનતેરસના રોજ યોજાયેલ ચોપડાપૂજન તથા દિપાવલી મહોત્સવમાં ઉપસ્થિત સદ્‌ગુરુ સંતો તથા ભક્તજનો, અમદાવાદ ગુરુકુલ

પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી સાથે કાર્તિકી સમૈયા દરમિયાન નૂતન દીક્ષા ગ્રહણ કરનારા સંતો

પ.પ. વિપુલભાઈ ગજેરાની ફેક્ટરી ખાતે આયોજિત ૧૧ કુંડી વિષ્ણુયાગ પ્રસંગે ઉપસ્થિત સંતો તથા ભક્તજનો, અંકલેશ્વર

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે યોજાયેલ ૬૦૦મી ઘરસભા પ્રસંગે વક્તાશ્રી પરમ પૂજ્ય નિત્યસ્વરૂપદાસજી સ્વામીનું પૂજન કરતાં પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા કથા પૂર્ણાહુતિની આરતીનાં દર્શન

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક
પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

ગુરુકુલ દર્શન

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

વર્ષ-૧૩, નવેમ્બર : ૨૦૨૧, અંક : ૧૧

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શ્યામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

છૂટક અંક : રૂ. ૫/-
પંચવાર્ષિક લવાજમ : રૂ. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂ. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૧૬૧/૬૨

SwaminarayanGurukul
GurukulParivar
www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

સંત વિના સાચી કોણ કહે...

સંત વિના સાચી કોણ કહે,
સાચા સુખની વાત;
દયા રહી છે જેના દલમાં,
નથી ઘટમાં ઘાત; સંત-૧

જેમ જનનીને હૈયે હેત છે,
સદા સુતને સાથ;
અરોગી કરવા અર્ભકને,
પાયે કડવેરા ક્વાથ; સંત-૨

જેમ ભમરી ભરે ભારે ચટકો,
પલટાવા ઈયળનું અંગ;
તેમ સંત વચન કટુ કહે,
આપવા આપણો રંગ; સંત-૩

જાણો સંત સગા છે સહુના,
જીવ જરૂર જાણ;
નિષ્કુળાનંદ નિર્ભય કરે,
આપે પદ નિરવાણ; સંત-૪

વચનામૃતો પરાવાણી છે

- સ્વામી માધવપ્રિયદાસ

વચનામૃતો ભગવાન શ્રીસ્વામિનારાયણનાં મુખેથી પ્રગટેલી પરાવાણી છે.

વચનામૃતની વાણી વિશુદ્ધ અનુભૂતિની વાણી છે, એટલે પરમ પ્રામાણિક છે.

ન્યાયશાસ્ત્રનો સિદ્ધાંત છે કે, "आप्तोक्तं वाक्यं प्रमाणम्।"

"આપ્ત પુરુષોના વચનને પ્રમાણભૂત માનવું."

અહીં પ્રશ્ન છે કે 'આપ્ત' કોને કહેવાય ? એ પ્રશ્નના સમાધાનમાં ન્યાયશાસ્ત્ર કહે છે, "आप्तस्तु यथार्थवक्ता" "જે યથાર્થ વક્તા હોય, તેને આપ્ત કહેવાય."

યથાર્થ વક્તા કોને કહેવાય ? તો "જડ અથવા તો ચેતન કોઈ પણ પદાર્થ સ્વરુપ, સ્વભાવ અને ગુણથી જેવું હોય તેવું જાણે અને નિરુપણ કરે, તેને યથાર્થ વક્તા કહેવાય."

વિશુદ્ધ ઇન્દ્રિયો-અંતઃકરણથી જ પદાર્થનું યથાર્થ જ્ઞાન થાય છે.

ચાર પ્રકારના દોષ ઇન્દ્રિયો-અંતકરણને દૂષિત કરે છે. એ ચાર દોષ છે ભ્રમ, પ્રમાદ, વિપ્રલિપ્સા અને કરણદોષ અથવા તો અસામર્થ્ય.

ભ્રમનો અર્થ છે, જે પદાર્થ જેવું હોય એને બદલે જેવું ન હોય તેવું જણાવું. જેમ કે મૃગજળમાં પાણીનું દેખાવું, ચમકતી છીપોલીમાં ચાંદી દેખાવી, અંધારામાં દોરડી કે પાણીના લીટાને સર્પ માની લેવો અથવા તો સર્પને દોરડી માની લેવો.

એ જ રીતે અધ્યાત્મક્ષેત્રે દેહમાં આત્મબુદ્ધિ, આત્મામાં અનાત્મબુદ્ધિ, સુખમાં દુઃખબુદ્ધિ, દુઃખમાં સુખબુદ્ધિ, સત્યમાં અસત્યબુદ્ધિ, અસત્યમાં સત્યબુદ્ધિ વગેરે અનેક પ્રકારની ભ્રાન્તિઓ છે.

એક ભ્રાંતિ જલદી જાણ્યામાં ન આવે એવી છે. એ છે સ્વતંત્ર આત્માભિમાન, અર્થાત્ પરમાત્માને છોડીને કેવળ આત્માને જ સ્વતંત્ર માની આત્મોપાસન કરવું.

આવી ભ્રાન્તિઓ જેમાં હોય એ વચનો પ્રામાણિક ન ગણાય.

અપ્રામાણિકતા પેદા કરનાર બીજા દોષનું નામ છે પ્રમાદ. પ્રમાદનો અર્થ છે, મનની અસાવધની, ગાફલતા વગેરે.

મહાભારતકારે પ્રમાદને મૃત્યુ જેવી મૂઢ અવસ્થા માની છે. આવી અવસ્થામાં પદાર્થ સામે હોય છતાં પણ મન તમોગુણની ગહન ગુફામાં ઊંડું ઊતરી ગયું હોવાથી પદાર્થનો યથાર્થ બોધ થતો નથી.

અપ્રામાણિકતાનો જનક ત્રીજો દોષ છે, 'વિપ્રલિપ્સા.'

વિપ્રલિપ્સાનો અર્થ છે, યુક્તિ-પ્રયુક્તિથી અને છળથી શબ્દોના અર્થના અનર્થ કરીને, બીજાને છેતરીને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાનો પ્રયાસ.

અપ્રામાણિકતા પેદા કરનાર ચોથો દોષ છે 'કરણદોષ.'

કરણદોષનો અર્થ છે, ઇન્દ્રિયો-અંતઃકરણરૂપ જ્ઞાનનાં સાધનોમાં સ્વાભાવિક અથવા તો સાંયોગિક ખામી.

જ્યારે જ્ઞાનનાં સાધનમાં જ ખામી હોય, ત્યારે પદાર્થનો યથાર્થ બોધ થઈ શકતો નથી. જેમ કે, કમળો થયો હોય તેને સફેદ વસ્તુ પણ પીળી લાગતી હોય છે.

આ ચાર દોષ સર્જવામાં રજ, તમ વગેરે માયાના ગુણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

સત્શાસ્ત્રોની રચના કરનારા ભગવાન વેદવ્યાસ વગેરે મહાન ઋષિઓ ચાર દોષથી રહિત હતા, એટલે એમનાં વચનો પ્રમાણભૂત મનાય છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણ સ્વયં પરબ્રહ્મ પરમાત્મા છે. એમનાં વચનો ચાર દોષોથી રહિત, પરમ પ્રામાણિક અને પરાવાણી રૂપ છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણની જ્ઞાનવાર્તાઓ કોઈ દ્વારા સાંભળેલી કે અનુમાનથી સિદ્ધ કરેલી નથી. આ જ્ઞાનવાર્તાઓ ભ્રાંતિથી મુક્ત અને અનુભૂતિથી પરિપૂર્ણ છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે કે, "આ જે વાત છે, તે મારી દીઠેલ છે ને મારા અનુભવે કરીને પણ મેં સિદ્ધ કરી છે અને સર્વ શાસ્ત્રમાં પણ મળતી આવે છે..."

"મારાં હૃદયને વિષે એકલું તેજ વ્યાપી રહ્યું છે અને તે

તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે...''

''તે મૂર્તિને અમે પ્રગટ પ્રમાણ હમણાં પણ દેખીએ છીએ અને સત્સંગમાં નહોતા આવ્યા ત્યારે પણ દેખતાં અને ગર્ભમાં આવ્યા મોર્યે પણ દેખતાં અને અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ બેઠા થકા બોલીએ છીએ અને તમે પણ સર્વે ત્યાં જ બેઠા છો એમ હું દેખું છું, પણ આ ગઢડું શહેર કે આ ઓસરી કાંઈ દેખાતું નથી...''

''અને આ જે અમે તમને વાત કહી, તે સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે અને અનુભવમાં પણ એમ જ દૃઢ છે અને અમે પ્રત્યક્ષ નજરે જોઈને આ વાત કહી છે અને જો પ્રત્યક્ષ જોઈને ન કહી હોય તો અમને સર્વે પરમહંસના સમ છે.'' (વચ.ગ.મ.-૧૩)

''હું રામાનંદ સ્વામી પાસે આવ્યા મોર પણ આત્માને સાક્ષાત્ દેખતો અને હમણે પણ દેખું છું. તે આત્મા સૂર્યના જેવા પ્રકાશે યુક્ત છે અને મારી આ સર્વે ઈંદ્રિયોની ક્રિયાને વિશે આત્માનું ક્ષણમાત્ર વિસ્મરણ થતું નથી.'' (વચ.ગ.મ.-૩૫)

ભગવાન શ્રીસ્વામિનારાયણનાં વચનોમાં પ્રમાદનો અભાવ છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે કે, ''જેમ રાજાના ચાકર છે તે રાજાના ઘરને દરવાજે ઊભા રહ્યા થકા કોઈ ચોર-ચકારને રાજા પાસે જવા દેતા નથી... તેમ આ સર્વે સંત છે તે જાણપણા રૂપ જે ભગવાનનાં ધામનો દરવાજો, ત્યાં શૂરવીરની પેઠે સાવધાન થકા ઊભા રહે છે.'' (વચ.ગ.અં.-૯)

ભગવાન શ્રીસ્વામિનારાયણનું ઉપાસન કરનારા પરમહંસો જો આટલા સાવધાન હોય, તો ભગવાન શ્રીસ્વામિનારાયણમાં તો અસાવધાની સંભવે જ નહીં.

ભગવાન શ્રીસ્વામિનારાયણનાં અંતરમાં યુક્તિ-પ્રયુક્તિથી કોઈને છેતરવાની કે પોતાનું ટોળું વધારવાની સહેજ પણ વિપ્રલિપ્સા નથી.

ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે, ''આ જે મારે વાત કરવી છે તે કાંઈ દંભે કરીને નથી કરવી તથા માને કરીને નથી કરવી તથા પોતાની મોટ્યપ વધારવા સારું નથી કરવી, એ તો એમ જાણીયે છીએ જે, આ સર્વે સંત તથા હરિભક્ત છે તેમાંથી એ વાત કોઈને સમજાઈ જાય તો એના જીવનું અતિ રૂડું થાય, તે સારું કરીએ છીએ.'' (વચ.ગ.મ.૧૩)

''આપણે તો શ્રીકૃષ્ણનારાયણના દાસ છીએ, તે શ્રીકૃષ્ણનારાયણને જેમ ગમે તેમ રાજી રહેવું અને એ શ્રીકૃષ્ણ ભગવાનની ઇચ્છા હશે તો સત્સંગની વૃદ્ધિ થશે ને જો એમને ઘટાડવો હશે તો ઘટી જશે.'' (વચ.ગ.પ્ર.-૭૪)

''તમારે સર્વેને મારે વિશે વિશ્વાસ છે ને હું તમને જેવી-તેવી અવળી વાતે ચડાવી દઉં તો જેમ સર્વને કૂવામાં નાંખીને ઉપરથી પાણાની શિલા ઢાંકે ત્યારે તેને નીકળવાની આશા જ નહિ, તેમ તમે પણ મારાં વચનને વિશ્વાસે કરીને અવળે માર્ગે ચડી જાઓ તો એમાં મારું શું સારું થાય.'' (વચ.ગ.મ.-૩૫)

ભગવાન શ્રીસ્વામિનારાયણ પોતાનાં ઈંદ્રિયો-અંતઃકરણ ઉપર પૂર્ણ કાબૂ ધરાવતા હતા. વચનામૃતમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે, ''મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એમને તો હું પકડી લઉં છું, જેમ સિંહ બકરાંને પકડે છે, તેની પેઠે એ અંતઃકરણને હું પકડું છું અને બીજાને તો એ અંતઃકરણ દેખ્યામાં પણ આવતાં નથી.'' (વચ.ગ.પ્ર.-૧૮)

ભગવાન શ્રીસ્વામિનારાયણનાં આ વચનો એમનાં આંતર-બાહ્ય કરણોમાં દોષનો અભાવ સૂચવે છે.

આ રીતે ભગવાન શ્રીસ્વામિનારાયણમાં ભ્રમ, પ્રમાદ, વિપ્રલિપ્સા અને કરણદોષ આ ચારેયની સ્વપ્ને પણ સંભાવના નથી અને એટલે જ ભગવાન શ્રીસ્વામિનારાયણનાં વચનો આપ્ત વચનો છે, યથાર્થ વચનો છે, પ્રામાણિક વચનો છે, પરાવાણીરૂપ વચનો છે.

સુપ્રસિદ્ધ ચિંતક સ્વામી સચ્ચિદાનંદજીએ ઈ. સ. ૧૯૯૨માં બાપુનગર ખાતે પોતાનાં પ્રવચનમાં કહ્યું હતું, ''વચનામૃત વાંચતા એવી તુરત જ પ્રતીતિ થાય છે કે, 'આ પરાવાણી છે' અને બોલનાર કોઈ સાધારણ નથી.''

પુરાણ કથા

મહર્ષિ ચ્યવન અને પતિવ્રતા સુકન્યા

- સાધુ યજ્ઞવલ્લભદાસ

શાસ્ત્રોમાં પતિવ્રતા સ્ત્રીઓનો ખૂબ મહિમા ગવાયો છે. પતિવ્રતા સ્ત્રી ખાસ પૂજ્ય અને ધન્ય છે. પતિવ્રતા સર્વલોકને પવિત્ર કરનારી અને પાપોના સમૂહનો નાશ કરનારી છે. જે સ્ત્રી પતિને પરમેશ્વરની પેઠે પ્રેમથી સેવે છે તે આ લોકમાં સર્વ ભોગો ભોગવીને પતિની સાથે શુભ ગતિ પામે છે.

સાવિત્રી, લોપામુદ્રા, અરુંધતી, શાંડિલી, શતરૂપા, અનસૂયા, લક્ષ્મી, સ્વધા, સંજ્ઞા, સુમતિ, શ્રદ્ધા, મેના અને સ્વાહા - આ સ્ત્રીઓ પતિવ્રતા અને સતી છે. પતિવ્રતા પત્ની ગૃહસ્થનું મૂળ છે. પતિવ્રતા પત્ની તેના સુખનું મૂળ છે. પતિવ્રતા પત્ની તેના ધર્મનું ફળ મેળવી આપે છે.

મહાભારતમાં એક કથા ખૂબ રોચક છે. કથા ચ્યવન ઋષિ અને પતિવ્રતા સુકન્યાની છે.

ભૃગુ ઋષિ અને પુલોમાના પુત્ર ચ્યવન હતા. ચ્યવન ઋષિ ખૂબ તપસ્વી હતા. એમણે પોતાનું શરીર ત્યજી દેવા ખૂબ કપરું તપ આદર્યું હતું.

એક દિવસની વાત છે. મહારાજ શર્યાતિને ચ્યવન ઋષિનાં દર્શનની મહેચ્છા જાગી. તેઓ ઋષિનો આશ્રમ, વન-પર્વત નિહાળવા પરિવાર સાથે જંગલ તરફ નીકળ્યા.

એમની સાથે કેટલાક મંત્રીઓ, સૈન્ય, હાથી-ઘોડા તથા મહારાણી અને તેની અતિ પ્રિય પુત્રી સુકન્યા પણ હતી.

મધ્ય જંગલમાં અદ્‌ભુત આશ્રમ હતો. આશ્રમનું વાતાવરણ રમણીય હતું. ચારેબાજુ હરિયાળી હતી. કોયલોનું કુહુ...કુહુ..., મયુરોનો કેકારવ, ચકલીઓનું ચીં...ચીં...ની જેમજ અનેક પક્ષીઓનાં કલકલાટથી વાતાવરણ સંગીતમય હતું. આશ્રમની બાજુમાં આવેલા તળાવમાં હંસો તરી રહ્યા હતા. સુંદર મજાના લાલ કમળ ખીલ્યાં હતાં. ઘટાદાર વૃક્ષો આશ્રમની સુંદરતામાં વધારો કરતાં કરતાં હતાં. આવો અદ્‌ભુત આશ્રમ નિહાળી રાજપરિવાર આનંદિત થઈ ગયો.

શર્યાતિની યુવાન સુપુત્રી સુકન્યા વનનું વાતાવરણ નિહાળી ઘેલી થઈ ગઈ. એ વનમાં વિચરણ કરવા તલપાપડ થઈ ઊઠી અને તેની સહેલીઓ સાથે આશ્રમમાં અહીં-તહીં ફરવા લાગી.

આશ્રમના એક એક દૃશ્યો - વૃક્ષો, લતાઓ, પશુ-પક્ષીઓનું નિર્દોષ સ્વરૂપ સુકન્યાને મુગ્ધ કરી રહ્યાં હતાં. એવામાં એમની નજર એક વૃક્ષની નીચે માટીના રાફડા ઉપર પડી. પહેલા ક્યારેય આ રીતનો માટીનો ઢગલો જોયો નહતો, તેથી તેમને કુતુહૂલ થયું. એમણે રાફડાને નજીક જઈ નિહાળ્યો તો વધારે આશ્ચર્ય થયું. રાફડામાં બે નાનાં નાનાં કાણાં હતાં. એ કાણામાં કોઈ વસ્તુ ચમકી રહી હતી. ચમકતી વસ્તુને જોઈ સુકન્યાને કુતુહુલ થયું. તેણે જિજ્ઞાસાને વશ થઈ હાથમાં સળી લીધી અને એ ચમકતી વસ્તુ દેખાતી હતી, તેમાં ફેરવવા લાગી.

અચાનક માટીના ઢગલામાં હલનચલન થઈ, કાણાંમાંથી લોહીની ધાર વહેવા લાગી. સુકન્યાનું કુતુહુલ ગભરામણમાં ફેરવાઈ ગયું. સુકન્યા રાડ પાડી ઊઠી. બધા ભેગા થઈ ગયા. શાંત વાતાવરણ ગંભીરતામાં પરિણમ્યું. પશુઓ-પક્ષીઓ, વૃક્ષો જાણે સ્તબ્ધ થઈ ગયા.

મહારાજ શર્યાતિ અને મહારાણી પણ ત્યાં પહોંચી ગયા. સર્વની નજર રાફડા ઉપર હતી. ત્યાં અચાનક રાફડામાંથી ચ્યવનનું જર્જરિત શરીર બહાર આવ્યું. તેમની બન્ને આંખો ફૂટી ગઈ હતી. લોહી વહી રહ્યું હતું. મહર્ષિ અત્યંત ક્રોધિત જણાતા હતા.

આ દૃશ્ય જોઈ સર્વ કોઈ ડરના માર્યા ફફડી રહ્યા હતા, કારણ કે મહર્ષિના તપમાં ભંગ થયો હતો. ઉપરાંત તેમની આંખો પણ ફૂટી ગઈ હતી. ક્રોધે ભરાયેલા મહર્ષિ અવશ્ય શાપ આપશે જ એવી સર્વને આશંકા હતી અને બન્યું પણ એવું જ. ઋષિના અપરાધને લીધે સર્વની મળ-મૂત્ર વિસર્જનની ક્રિયાઓ બંધ થઈ ગઈ.

એવા સમયે સુકન્યાને ભારે પસ્તાવો થઈ રહ્યો હતો. મહર્ષિ ચ્યવનની આવી દશાની પોતે જ જવાબદાર હોઈ તે અપરાધભાવ અનુભવી રહી હતી. એ અપરાધમાંથી છૂટવાનો અને પોતાનાં નગરને, પોતાનાં માતા-પિતાને શાપથી બચાવવા એમને એક ઉપાય સુઝ્યો. તે દોડતી

ચ્યવન ઋષિના પગમાં પડી અને કરગરતી બોલી, "મહર્ષિ! આપની જે દશા થઈ છે એની જવાબદાર હું છું. માટે હું આજીવન તમારી દાસી થઈને રહીશ અને તમારી સેવા કરીશ."

મહારાજ શર્યાતિ પુત્રીના આવાં વચનો સાંભળીને સ્તબ્ધ થઈ ગયા. તે વિચારવા લાગ્યા, "ક્યાં મારી કોમળ કળી જેવી સુંદર પુત્રી અને ક્યાં શુષ્ક અને જર્જરિત શરીરવાળા મહર્ષિ. મારી પુત્રી આ શું બોલી ગઈ ? તેણે ભારે મોટી ભૂલ કરી છે." પુત્રીના વચનોને પાછા વાળવા મહારાજ શર્યાતિ તુરંત બોલ્યા, "નહીં, મારી પુત્રીની ભૂલની સજા હું જ ભોગવીશ. મારી પુત્રી સજા નહીં ભોગવે."

સુકન્યા બોલી, "ના પિતાજી ! મારાં કર્મનું ફળ હું જ ભોગવીશ. હું મારું જીવન મહર્ષિ ચ્યવનનાં ચરણોમાં સમર્પિત કરું છું. હું આજીવન મહર્ષિની પત્ની બની એમની સેવા કરીશ ત્યારે જ મારી ભૂલનું પ્રાયશ્ચિત થશે, માટે તમે મને આશીર્વાદ આપો, પિતાજી !"

સુકન્યાના કોમળ વચનો સાંભળી મહર્ષિ ચ્યવનનો ગુસ્સો ઠંડો પડ્યો. તેમના મુખ પર હાસ્ય છલકાયું. આંખોમાંથી વહેતું લોહી બંધ થયું અને ક્રોધને બદલે દયા અને પ્રેમની લાગણી જન્મી. મહર્ષિને શાંત થયેલા જોઈ આશ્રમનું વાતાવરણ ફરી મૂળ સ્થિતિમાં આવ્યું.

સુકન્યાને તેના દૃઢ સંકલ્પથી તેના માતા-પિતા ઘણી સમજાવટ પછી પણ ચલાયમાન ન કરી શક્યા. છેવટે મન મનાવી સુકન્યાને ઋષિની સેવામાં જ મૂકીને રાજ-રસાલા સાથે સહુએ વિદાય લેવાનું નક્કી કર્યું. સુકન્યાએ તેના પિતા, માતા, સહેલીઓ અને રાજદરબારીઓને વિદાય આપી.

હવે સુકન્યા રાજકુમારી મટી તપસ્વીની બની હતી. એમણે તુરત જ પોતાના રાજસી વસ્ત્રોનો ત્યાગ કર્યો, વલ્કલ વસ્ત્રો ધારણ કર્યાં અને પતિ ચ્યવન ઋષિનો પડછાયો બની સેવા કરવા લાગી.

સુકન્યાનું સર્વસ્વ મહર્ષિ ચ્યવન હતા. તે જાગે તે પહેલા જ તે જાગી જતી, મહર્ષિને સુવડાવ્યા બાદ જ તે સૂતી. નિત્ય નવાં નવાં ભોજન બનાવી ઋષિને જમાડતી. હાડકાં પિંજરા જેવા પતિના શરીરને પોષણ મળે એવા દરેક ઉપાયો અજમાવતી. આમ પૂર્ણ નિષ્ઠાથી સુકન્યા મહર્ષિ ચ્યવનની સેવા કરતી.

દિવસો પછી દિવસો પસાર થયા. વર્ષો વિત્યા, છતાં સુકન્યાની સેવામાં કોઈ કમી ન આવી. પોતાના પતિવ્રતાના નિયમને ક્યારેય છોડ્યું નહીં. મનમાં બીજો ઘાટ ન ઊઠવા દીધો.

એક વાર સાંજના સમયે સુકન્યા સરોવરમાં સ્નાન કરવા ગઈ હતી. તળાવમાં ખૂબ સુંદર કમળો ખીલ્યાં હતાં. વાતાવરણમાં માદકતા પ્રસરી હતી. ઠંડો પવન વાઈ રહ્યો હતો. પક્ષીઓ ગુંજન કરી રહ્યાં હતાં. એવા સમયે આકાશમાંથી બે દેવો પસાર થયા. તેઓએ સુંદર સુકન્યાને સ્નાન કરતાં જોઈ એટલે દેવયાનને નીચે ઊતાર્યું અને સુકન્યાના સૌંદર્યને આંખોથી પીવા લાગ્યા. તેઓ સુકન્યાનાં સૌંદર્યથી ખૂબ જ પ્રલોભાયા હતા.

સુકન્યા સ્નાન કરી વસ્ત્રો પહેરવાં લાગી. ત્યારે બન્ને દેવો તેની નજીક આવ્યા. પરપુરુષોને જોઈ સુકન્યા શરમાઈ ગઈ. તેણીએ પૂછ્યું, "તમે કોણ છો?"

"અમે દેવ છીએ. આદિત્યના વંશધર. વિવસ્વાનના પુત્ર - અશ્વિનીકુમાર. મા અશ્વિનીના જોડિયા પુત્રો."

સુકન્યા આશ્ચર્ય સાથે બોલી, "અશ્વિનીકુમાર ! દેવોના વૈદ્ય ! હું મહર્ષિ ચ્યવનની પત્ની સુકન્યા તમને બન્નેને પ્રણામ કરું છું. તમારાં દર્શન કરીને હું ધન્ય થઈ."

દેવો બોલ્યા, "કેટલા દુઃખની વાત છે કે આટલી સૌંદર્યથી ભરપૂર કન્યા એક વૃદ્ધ ઋષિની પત્ની છે. ક્યાં તમારું યૌવન અને ક્યાં એ ઋષિનું સૂકું શરીર ! તમે ઋષિનો ત્યાગ કરી અમને વરો."

સુકન્યાને થડકો લાગ્યો. તે બોલી, "દેવો ! હું સામાન્ય મનુષ્ય છું અને તમે દેવો છો. હું મહારાજ શર્યાતિનું પુત્રી અને બ્રહ્મનિષ્ઠ મહર્ષિ ચ્યવનની પત્ની છું. માટે એ કેમ શક્ય બને?"

અશ્વિનીકુમાર બોલ્યા, "હે દેવી ! અમે તમને અમર બનાવી દઈશું. તમે અમારી સાથે લગ્ન કરી લો. અમારી સાથે ચાલો."

સુકન્યા બોલી, "મને માફ કરો. હું ઋષિપત્ની છું. હું એકાંતમાં કોઈ પરપુરુષ જોડે વાત પણ ન કરી શકું."

અશ્વિનીકુમાર નિરસ્કાર સહન ન કરી શક્યા. તેઓએ એક માયાજાળની રચના કરી. ચારેબાજુ વસંતનું વાતાવરણ ખીલી ઊઠ્યું. કામદેવે સુકન્યાને ઘેરી લીધી. સુકન્યાનું મન પણ અશ્વિનીકુમારો તરફ ખેંચાવા લાગ્યું, પરંતુ તે તુરંત સજાગ થઈ ગઈ. એમને પોતાના પતિ યાદ આવતા જ તે બોલી, "હે દેવો ! તમે સૌપ્રથમ મારા પતિને સ્વસ્થ કરી દો. તમારી શક્તિઓ થકી તેને યુવાન બનાવી દો, ત્યારબાદ હું તમારી વાત પર વિચાર કરીશ."

સુકન્યા અશ્વિનીકુમારને તેના પતિ પાસે લઈ ગઈ. મહર્ષિ ચ્યવને બન્ને દેવોની સ્તુતી કરી. દેવોએ પ્રસન્ન થઈ ચ્યવન ઋષિને સરોવરમાં સ્નાન કરવા લઈ ગયા. સ્નાન

કરીને બહાર આવ્યા ત્યારે ઋષિનું જીર્ણ શરીર દેવો જેવું જ બની ગયું હતું. ત્રણેના શરીર, આકાર, સુંદરતા, લાવણ્યતા, રૂપ એક સમાન થયા હતા.

અશ્વિનીકુમારો ફરી સુકન્યાની પરીક્ષા કરતા બોલ્યા, "હે રૂપસુંદરી ! અમારા ત્રણમાંથી કોઈ એકને તું પતિ તરીકે સ્વીકાર કર."

સુકન્યા બોલી, "હે દેવવૈદ્યો ! હું ઋષિવર ચ્યવનની પત્ની છું. તેમણે ક્યારેય બીજી સ્ત્રી પર કુદૃષ્ટિ કરી નથી. હું જીવનભર તેની જ દાસી છું. તમે મારા પતિને સ્વસ્થ કરી દીધા તે માટે હું તમારી આભારી છું."

અશ્વિનીકુમાર સુકન્યાનો પતિવ્રતા ધર્મની ટેક જોઈને પ્રસન્ન થયા અને વિદાય લીધી. એ જ સમયે સુકન્યા મહર્ષિ ચ્યવનને ભેટી પડી. ઋષિ પણ પોતાની પત્નીને પ્રથમવાર જોઈ રોમાંચિત થઈ ઊઠ્યા.

આશ્રમમાં ખુશીનું વાતાવરણ છવાઈ ગયું. દેવોએ સ્વર્ગમાંથી પુષ્પવર્ષા કરી. પશુ-પક્ષીઓ જાણે કે મંગલગીતો ગાવાં લાગ્યા. આશ્રમમાં સ્વર્ગ જેવું વાતાવરણ ખડું થઈ ગયું.

ધન્ય છે આવી પતિવ્રતા સુકન્યાઓને કે જેમણે વૈદિક સંસ્કૃતિના પાયા અડગ રાખ્યા છે. અવતારો, મહાપુરુષોના જન્મ એ પતિવ્રતા નારીઓની કૂખેથી થયા છે, જેથી આજે એ નારીઓના પ્રતાપે જ વિશ્વમાં વૈદિક સંસ્કૃતિએ શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી છે. જ્યાં સુધી પતિવ્રતા નારીઓ આ દેશમાં છે ત્યાં સુધી આ દેશના સંસ્કારોને, આ દેશની સંસ્કૃતિને કોઈ વિઘ્ન નહીં આવે.

ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવનમાં પતિવ્રતા નારીઓનો મહિમા ગાતા ભગવાન શ્રી નારાયણ મુનિ કહે છે કે, પતિવ્રતા નારી પોતાના શરીરમાં જેટલા રોમ છે તેના દશહજાર કરોડ વર્ષ પર્યંત સ્વર્ગ લોકમાં પોતાના પતિની સાથે આનંદ કરતી સુખ ભોગવે છે.

- પતિવ્રતા નારીને જન્મ દેનારાં માતા-પિતાને ધન્ય છે અને જે ઘરમાં તે પતિવ્રતા નારી પરણીને પધારે છે તે પતિને પણ ધન્ય છે.

- જે પુરુષના સો જન્મોનાં ભેળાં થયેલાં પુણ્યનો ઉદય થાય ત્યારે જ તેમને ઘરે આવી પતિવ્રતા નારીનું આગમન થાય છે.

- પતિવ્રતા નારીના પુણ્યના પ્રતાપે પિતૃવંશ, માતૃવંશ અને પતિનોવંશ એમ ત્રણ વંશજોને સ્વર્ગનું સુખ પ્રાપ્ત થાય છે.

- પતિવ્રતા નારી અકાર્ય કરનારા, પતિત અને સ્વધર્માદિ ગુણો રહિતના પતિનો અને પોતાનો પણ ઉદ્ધાર કરે છે.

- સૂર્યદેવ પણ ભય પામતા પતિવ્રતા નારીનો સ્પર્શ કરે છે. તેમજ ચંદ્રદેવ અને વાયુ પણ પોતાને પવિત્ર થવા પતિવ્રતાનો સ્પર્શ કરે છે.

- આ પૃથ્વી પર જેટલાં તીર્થો રહેલાં છે તે સમગ્ર તીર્થો પતિવ્રતા નારીના ચરણમાં નિવાસ કરીને રહે છે અને સર્વે દેવતાઓ તથા તપસ્વીઓનું તેજ પણ પતિવ્રતા નારીના શરીરમાં રહેલું છે.

પતિવ્રતા નારીના ચરણથી ધરતી પણ તત્કાળ પવિત્ર થાય છે. કોઈ પાપી પુરુષ જો આવી પતિવ્રતા સ્ત્રીને નમસ્કાર કરે છે તો તત્કાળ પાપથી મુક્ત થાય છે.

આવી મહા પુણ્યશાળી પતિવ્રતા નારી પોતાના પ્રભાવથી આ ત્રિલોકીને એક ક્ષણવારમાં નાશ કરવા માટે સમર્થ થાય છે. (સત્સંગિજીવન પ્રકરણ ૫ અધ્યાય ૩૧)

'યાજ્ઞવલ્ક્યસ્મૃતિમાં પતિવ્રતા સ્ત્રીઓનો મહિમા ગુરુ, આચાર્ય અને ઉપાધ્યાય કરતાં પણ વિશેષ કહ્યો છે. જન્મદાત્રી માતા અને ગૃહસ્વામિની સ્ત્રીનું પત્ની તરીકેનું સ્થાન ભારતીય પ્રણાલિમાં ભવ્ય અને ઉચ્ચ કક્ષાએ સ્થાપવામાં આવ્યું છે. પત્ની તરીકેની સ્ત્રી પાસે અનેક ક્ષમતાઓ અને અપેક્ષાઓ રાખવામાં આવી છે અને એ અપેક્ષાઓને ભારતીય નારીઓએ આજ દિવસ સુધી પૂર્ણ પણ કરી છે.

રતા બસિયાનો પ્રભુપ્રેમ

- કીર્તિભાઈ પી. ઘોળકિયા, ભાવનગર

નામ જ કેવું સુંદર છે ?!

જે પ્રભુમાં રત રહે તે જ પ્રભુના અંતરમાં વાસ કરે !

શ્રીહરિનું રૂપ જ એવું અલૌકિક હતું કે,

"મુસકની મેં મોહ્યો રતિનાથ કે

પ્રેમાનંદ જાત પ્રાન વારી..."

શ્રીહરિની અસીમ કરૂણાનું જો કોઈ દિવ્ય પાત્ર હોય તો તે છે રતો બસિયો ! જે મહારાજના દિલમાં વસી ગયો છે. મહારાજે જિંદગી પર્યંત કોઈ સંત કે ભક્તને પોતાના ભાઈબંધની ઉપમા આપી નથી, પણ રતા માટે કહ્યું છે કે, "આ મારો ભાઈબંધ છે." ગઢપુરની ઊભી બજારે કોઈના ખભે હાથ મૂકીને શ્રીજીના 'યાર'નો લાભ રતાએ ખાટ્યો છે.

યાર કોને કહેવાય ?

બન્નેના દિલ, રૂચિ, સ્વભાવ, પ્રેમ સમાન હોય...

બન્નને એકબીજાની વાત ગમતી હોય....

બન્નેને એકબીજા ઉપર અતિ વિશ્વાસ હોય ! તેને 'યાર' કહેવાય...

યારી રાજા અને રંક વચ્ચે ન થાય. બે સમાન દરજ્જાવાળી વ્યક્તિ સાથે થાય અને કાં તો વિજાતીયપાત્ર સાથે થાય.

રતો પૂર્વજન્મનો યોગી ન હતો. રાક્ષસ યોનિમાં હતો. પૂર્વે તે રાજા હતો. પ્રભુ નીલકંઠવર્ણી વેષે જંગલમાં વિચરણ કરતા હતા ત્યારે આ જીવ રાક્ષસરૂપે જંગલમાં રસ્તા વચ્ચે તાપણું કરીને શ્રીજીની રાહ જોતો હતો. પ્રભુએ તેને માર્ગ પૂછી તેના જીવનનો માર્ગ ચીંધાડ્યો. તેના પૂર્વજન્મના ગુના માફ કરી તેને કલ્યાણનો કોલ આપ્યો. આ જન્મમાં તેની સાથે મૈત્રીભર્યા સંબંધ રાખ્યા કે જેથી રતો ભોંઠો ન પડે. આનાથી વિશેષ ઉદારતા અને કરૂણા ક્યાં જોવા મળે ? તે જીવના ગુના માફ કરી તેની સાથે ઘુંફાળા સંબંધો જાળવ્યા.

તો, સામા પક્ષે રતો એટલે તો રાજી થયો કે તે આનંદમાં ને આનંદમાં ગાંડા-ઘેલા જેવું વર્તન કરવા લાગ્યો.

જેમ ગુણાતીતાનંદ સ્વામીની વાતો સાંભળી તે વખતે ભક્તોને 'અહો અહો !' સરખું વર્તવા માંડતું કે 'આ તો અમને કેવો અલૌકિક માલ મળ્યો છે ?' અને એ આનંદના અતિરેકમાં ભક્તો ગાંડા જેવા થઈ જતાં, દેહભાન ભૂલી જતા અને એ પરમ તત્ત્વને ગાંડા-ઘેલાની જેમ પ્રેમથી યાદ કરવા માંડતા...

આનંદના અતિરેકમાં મગજનું સંતુલન ખોરવાઈ જાય છે, તેમ રતાને પણ થયું. તે લોકની દૃષ્ટિએ ગાંડા જેવું વર્તન કરવા લાગ્યો.

સ્વામીની વાતોમાં આવે છે ને ? કે, 'આ જગતમાં ડાહ્યા તો કોઈ ભગવાન ભજતા જ નથી, ગાંડા થાય તે જ ભગવાન ભજે છે.' આવું રતાને થયું.

'લોક કહે મને કાલી, હું તો છું મતવાલી !'

લોકની, દુનિયાની, સમાજની જેને કાંઈ પડી નથી એવી સત્ ગાંડિયા જેવી સ્થિતિ રતાની હતી. અલૌકિક માલ મળ્યા પછી લોકની નિંદાને શું ગણકારવી ?

'આનંદ આપ્યો રે, અતિ ઘણો રે

આ સમામાં અલબલ પુરુષોત્તમ પ્રગટી રે !'

'હું સુતી' તી ભર નિદ્રામાં, જગાવી શ્યામ જરૂર,

ભેટંતા અંતરથી ભાગિયું, મોહ માયાનું પૂર;

અખિંયા ઉઘડી રે, થઈ છે ખબર ખરી...'

આવો ભાવ રતાના અંતરમાં થતો હશે ને ? તો જ આવા ગાંડા-ઘેલા જેવું વર્તન થાય ને ?

મીરાંબાઈએ જેમ લોકલજ્જા ત્યાગી, રાજકુળની મર્યાદા છોડી, પગે ઘુઘરા બાંધી, હાથમાં કરતાલ લઈ ગોવિંદના ગુણ ગાવા લાગી....! તેને ક્યાં મોતનો, સમાજનો ડર હતો ? તે તો ગોવિંદને વરી ચૂકી હતી !

તેમ રતો તો શ્રીહરિને અંતરથી વરી ચૂક્યો હતો.

જેમ શ્વાન તેના માલિક આગળ પોતાની વફાદારી બતાવવા ચત્તો થઈ, પગ ઊંચા કરી, આળોટી, જીભ બહાર કાઢી આનંદના ઘુઘવાટા કરતો આળોટે તેમ રતો કરતો હતો.

તમે જુઓ તો ખરા ? રતાથી આ દિવ્ય આનંદ સહન કેમ થતો હશે ?

'सीयारामममय सब जग जानी,
करहुं प्रणाम जोरी जुग पानी.'

બધી જગ્યાએ ચરાચરમાં રામજી ભાસે. બીજું ન ભાસે કાંઈ ! આ સૃષ્ટિના તમામ પદાર્થો તેને ભગવાનમય લાગવા મંડ્યા. મોટા ઋષિમુનિઓ અનંત વર્ષો સુધી સાધના કરે, છતાં પણ તેને જે પ્રાપ્ત ન થાય તે પ્રાપ્તિ આજ રતાને મળી છે. શ્રીહરિએ આજ પોતાનું કૃપાસાધ્યનું બિરુદ જાળવી રાખ્યું.

માંહી પડે તે મહાસુખ પામે, મધ દરિયે રે મોતિડાં મળે !

મોટા મોટા સંન્યાસી, સાધુથી ચડી જાય તેવી સમજણ રતાની હતી. શ્રીહરિનો આદેશ થયો નથી ને ભાઈ દોડ્યા નથી... ! જેમ નાનું બળક પરિણામની ચિંતા કર્યા વગર ખાઈમાં પડવા દોટ મૂકે, ત્યારે તેના પિતાની ફરજ થઈ પડે કે આની મારે રક્ષા કરવી પડશે. આ તો મારાં વચને દોડ્યો !

એક ચોમાસાની મેઘલી રાતે મેઘતાંડવ વચ્ચે શ્રીજીની આજ્ઞા થઈ કે, 'આ નદીના ભયંકર ઘુઘવતા જળમાં પડી સામે કાંઠે મહાદેવના દેરામાંથી પીપળાની ડાળખી તોડી આવ !'

ભલભલા શૂરવીરની છાતી બેસાડી દે તેવા ભયંકર ગડગડાટ, ભયંકર પવનના સુસવાટા, પણ રતાને તેની ક્યાં ચિંતા હતી ? તેણે તો કછોટો વાળી ઘુઘવતા ઉન્મતગંગાના પૂરમાં ઝંપલાવી દીધું. સામે કાંઠે, સામા પુરમાં તરતા-અથડાતા જઈ પીપળાની ડાળી તોડીને શ્રીહરિનાં ચરણોમાં મૂકી...!

આ ભગીરથ કાર્યમાં પાછું અભિમાનનો કોઈ ભાર નહીં. મેં કર્યું છે તેવું ગૌરવ નહીં, કે મહારાજ રાજી થઈને મને શાબાશી આપશે, ભેટશે, માથે હાથ મૂકી આશીર્વાદ આપશે અને મને પ્રસાદી આપશે, તેવી કોઈ અપેક્ષા, આશા નહીં.... ખરું ! ડાળખી મહારાજનાં ચરણોમાં મૂકી નિત્યનું મુરખ જેવું હાસ્ય કરી ખડખડ દાંત કાઢવા લાગ્યો... અહો ! આણે તો બ્રહ્મરસ પીધો છે કે બ્રહ્મરસના મહાસાગરમાં નાહ્યો છે ?

આની સ્થિતિ તો જુઓ ?

સર્વે શાસ્ત્ર, સર્વે ભજન, સર્વે સાધના ઘોળીને પી ગયો હોય તેમ શાંતિથી શ્રીહરિ સામે હાથ જોડી ઊભો રહ્યો. આ સ્થિતિ કેવી ? અલૌકિક સ્થિતિને પણ પાર પામી ગયો હોય તેવી આ સ્થિતિ હતી.

પછી, મહારાજ તેના પર રાજી ન થાય ?

- ગુણસાગરની તેના પર કરૂણા ન વરસે ?
- પછી મહારાજ તેના ખભે હાથ ન મૂકે ?
- ગમે ત્યારે દરબારગઢમાં આવવાની રજા ન આપે ?
- સિંહાસનમાં પોતાની બાજુમાં ન બેસારે ?
- રતા માટે પોતાના નિયમમાં છૂટછાટ ન મૂકે ?

જેમ ભીષ્મનું વેણ પાળવા માટે શ્રીકૃષ્ણચંદ્રે હથિયાર ધારણ ન કરવાની પ્રતિજ્ઞા લીધેલ, તે ભક્તનો ભાવ જોઈ તોડી નાખી ! તેમ શ્રીહરિ રતા ઉપર ઓળઘોળ હતા. તેના સહવાસ માટે ઝૂરતા. તેને યાદ કરી, બોલાવી, તેને પ્રસાદીનો થાળ આપતા. આ શું ઓછી પ્રાપ્તિ છે ?

પણ, આ બધું મેળવાય ક્યારે ?

પોતાની જાતનું અભિમાન, જ્ઞાન, આવડત... આ બધું મહારાજને ચરણે મૂકી સાવ ચોખ્ખો થાય તો મહારાજના રાજીપાના પાત્ર થવાય. આ બધું રતાએ કરેલ. તે પણ મૂઢ મતિથી નહીં, પણ પૂરેપૂરી સમજણથી. આજે મને જે મળ્યા છે તે પૂર્ણ પુરુષોત્તમ છે. હવે તેની પાસે મારે ખોટું ડહાપણ શું ડોળવું ? જેવા છીએ તેવા થઈને રહીએ !

કંઈક આવી જ પૃચ્છા વચનામૃત પ્રથમના ૭૮મા પ્રકરણમાં લક્ષ્મણાનંદ સ્વામીએ કરી છે કે, 'ભગવાન અને ભગવાનના સંતનો જે સમાગમ તે આશ્ચર્ય સરખો કેમ સમજીએ ત્યારે જણાય ? અને આઠે પહોર અહો અહો સરખું કેમ રહે ?'

ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા છે કે, 'જે ભક્ત એમ સમજે જે, આ ભગવાન ને આ સંત તે સર્વે વૈકુંઠ, ગોલોક અને બ્રહ્મપુર તેના નિવાસી છે. તે સંત અને પરમેશ્વર જ્યાં વિરાજમાન છે તે સંત ભેળો મારો નિવાસ થયો છે, તે મારું અતિ મોટું ભાગ્ય છે. એવી રીતે સમજે તો આઠે પહોર આશ્ચર્ય સરખું રહે અને આનંદના સમુદ્રમાં ઝૂલતો રહે.'

રતા ભક્તની આવી સ્થિતિ હતી.

સતયુગમાં એક બલદાલવ નામના ઋષિ થઈ ગયા. તે લાબો કાળ જીવેલા. આખો દિવસ પ્રભુભજનમાં અને સેવામાં રત રહેતા. તેને દેશ-કાળનું ભાન ન રહેતું. ભગવાનની મૂર્તિમાં જ મન રહેતું. ભગવાન સિવાય કાંઈ ન ગમતું. સવાર સાંજની સંધ્યાનું પણ ભાન ન રહેતું. ગમે ત્યારે પૂજા કરતા. પૂજાનો પણ કાંઈ મેળ ન રહેતો. સવારની પૂજા સાજે થઈ જતી, સાંજની સવારે. એટલા તો એ પ્રભુનિમગ્ન રહેતા.

આ ઋષિના જેવું રતાને રહેતું. પોતે પ્રભુના સ્વરૂપમાં એટલા લીન રહેતા કે સવારના પ્રભાતિયા સાંજે ગાતા. સાંજની ગોડી સવારના પ્રભાતિયામાં ચાલે. આવી રીતે સમય પ્રમાણેના કીર્તનનું ભાન ન રહેતું. પોતે સંતઆશ્રમમાં ગમે ત્યારે જઈ ચડે અને બરાડા પાડી પાડીને કીર્તનો ગાઈ સંતોની સાધનામાં ભંગ પાડે. દયાળુ સંતો છતાં કાંઈ ન બોલે, કારણ કે આ જડભરત જેવા ભક્ત છે, સતગાડિયા જેવુ ભલે કરે. કરવા દો. ભજન કરે છે ને? અંતે મહારાજ પાસે વાત ગઈ અને મહારાજે રતાને મના ફરમાવી. તો મહારાજ પાસે જઈ લાંબા હાથ કરી કીર્તનની મોજ માણતો હતો. આવી નિર્વિકાર બ્રહ્મસ્થિતિને પામેલો મુક્તરાજ હતો રતો.

શ્રીહરિ આપણને આવી અલૌકિક બ્રહ્મસ્થિતિને પમાડે, આપણા અતરના રાગ ઓછા થાય, પ્રભુમાં મન જોડાય. સંસારની વિટંબણામાં આપનું મન વિચલિત ન થાય નેવી શ્રીહરિનાં ચરણોમાં અને પરમ ભક્તરાજ રતા બસિયાના ચરણોમાં પ્રાર્થના!

સાચા સંત કોણ ?

- નરેશભાઈ દેસાઈ, વલસાડ

- જે સંતને જોઈને ઈશ્વરને પણ માણસ બનવાનું મન થાય, તે સાચા સંત છે.

- એક સાચા સંતમાં.... કૈલાસ પર્વત જેવી.... આધ્યાત્મિક ઊંચાઈ હોય.

- યાત્રા ભલે બહુ કરે, પરંતુ અંદરથી સ્થિર હોય.

- કૈલાસ પર્વતની જેમ શીતળતા આપે.

- ભીડમાં એકાંતનો અનુભવ કરે અને કરાવે.

એની વાણી સાવરણી બની જીવતરની સફાઈ કરે.

જે આપણો હાથ અને સાથ ક્યારેય ન છોડે.

- અંતઃકરણની સ્લેટ ઉપર જીવનનો કક્કો-બારખડી આલેખે.

- સહજ જીવન જીવીને પણ ત્રિભુવનને તારી દે.

જિંદગીની પ્રત્યેક ક્ષણને ભજન બનાવે.

સાચા સતમાં..... કદાચ વેદ ન હોય, પરતુ વેદિકા જરૂર હોય.

તેની પાસે ભૂમિ ન હોય, પરંતુ ભૂમિકા જરૂર હોય

કોઈ પદ ન હોય, પરતુ પ્રેરણા આપતી પાદુકા જરૂર હોય.

જેના સંતત્વનો કોઈ અંત નથી અને જેને કોઈ નંત (જીદ) નથી તે સંત.

- જેની હાજરીમાં હરિ ભજવાનું મન થાય તે સાચા સંત છે.

- માણસાઈના માનસરોવર સમાન સંત મંત્ર આપે, પણ આપણું મન લઈ લે.

સાચા સંત તાજા ગુલાબનો રૂઆબ અને હરિનાં હસ્તાક્ષર સમાન છે

એક સાચા સંતનું જીવન સાદું સારું, સાજું સાચું અને સામું (સન્મુખ) હોય છે.

- જીવતરની અનુકૂળતા કે પ્રતિકુળતામાં જે સ્થિતપ્રજ્ઞ રહે, સસાર આખાને પ્રેમ કરે, જેનો કોઈ શત્રુ ન હોય, જે તકદીરથી કદી તકરાર ન કરે.

- ભાગ્યને કદી ભાંડે નહીં. કોઈ વ્યક્તિ કે વસ્તુનો તિરસ્કાર ન કરે. જે તુંબડીથી તાવડી અને તાવડીથી તંબુરા સુધી પહોચે તે સાચો સાધુ.

જેના વિચારો વાણી અને કાનથી વાંચવાનુ મન થાય, જેની આંખથી સાભળવાનું અને કાનથી વાંચવાનું મન થાય, તે સાચા સંત છે.

તે આપણને આંખ (દૃષ્ટિ) અને પાંખ (ઉડાન) આપે છે. આવા સંતને ક્યારેય 'મદ' ન હોય, પરંતુ હંમેશાં સત્સગ અન ભક્તિની મસ્તી હોય છે.

- આવા સંતનું મુખ શિષ્યનું સુખ છે. તેની આંખ શિષ્યની શાખ છે. તેની વાણી હૈયાની હાશ છે અને મસ્તક શિષ્યનું પુસ્તક છે.

સંત વિદ્યા આપે, વિવેક વધારે, વિકાસ વધારે, વિશ્રામ આપે, વૈરાગ્ય વધારી વિષાદથી મુક્ત કરે, વિસ્મય સર્જે અને વિચારશૂન્યતા સર્જે....!

આવા સંત ક્યાં શોધવા જવા પડે એમ છે ! ભગવાન સ્વામિનારાયણે આપણને આપ્યા જ છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે ધડ્યા જ છે અને આપણી સાથે જ રહે છે.

આકાશને આંબતી વિદ્વત્તા અને પ્રેમરસની નરબતરતા જેનામાં છે એવા ગુરુવર્ય પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીના ચરણોમા સમર્પણ...

માના વાત્સલ્યને પણ ભૂલાવી દે તેવા પુરાણી સ્વામી નથા બાલકૃષ્ણ સ્વામીનાં ચરણોમાં નમન...

જેના વેણે વેણે વીજળીઓ થાય તેવા હરિસ્વરૂપ સ્વામીનાં ચરણોમા વદન... સૌ સંતો પાર્ષદોનાં ચરણોમા વંદન...

સૌથી મોટો જાદુગર

– ડૉ. જગદીશ ત્રિવેદી

મારા શહેરના એક નામચીન ગુંડાને અનેક અપરાધો બાદ ખુલ્લેઆમ ફરતો જોઈ મેં એક વાર પૂછ્યું : "ગુંડાભાઈ ! ગુંડાભાઈ ! આપ અત્યારે ભગવાન કૃષ્ણના જન્મસ્થળે બિરાજમાન હોવા જોઈએ, એના બદલે ચિંતામુક્ત થઈ સમાજમાં વિચરણ કરો છો એના કારણ વિશે જણાવવાની આપ જિજ્ઞાસુ પર કૃપા કરો."

ત્યારે શહેરના પ્રતિષ્ઠિત ગુંડો ઉવાચ્યો : "જગદીશભાઈ ! મારા કરતાં પણ મોટા ગુંડા જો બિહારમાં વિધાનસભ્ય કે સંસદસભ્ય બની જતા હોય, તો હું નખશિખ નાલાયકીને વરેલો, અશિષ્ટ ગુંડો હોવા છતાં વિધાનસભા કે સંસદમાં તોફાન કરવાના લાભથી વંચિત છું. તમે મને મારો હક્ક મળે એની પ્રાર્થના કરો."

ડાકુઓ રાજકરણમાં આવવા લાગ્યા ત્યારે મેં કહેલું : "ડાકુઓને રાજકરણ ફાવી જવાનું, કારણ કે અહીં માત્ર પોશાક અને પદ્ધતિનો ફેર છે. કામ એનું એ જ છે."

એક જાદુગરે એક દિવસ આવા એક ગુંડા કમ નેતાની હાજરીમાં જાદુના અદ્‌ભુત પ્રયોગો કર્યા. એણે કાગળમાંથી પાણી કાઢીને બતાવ્યું. એક યુવતીને સુવડાવીને હવામાં છ ફૂટ અદ્ધર કરી બતાવી. એક યુવતીના શરીરના ટુકડા કર્યા અને ફરી એને સજીવન કરી બતાવી. કાચ અને લોખંડ ખાઈ બતાવ્યું. આંખે પાટા બાંધીને મોટરસાઈકલ ફેરવ્યું. સ્ટેજ પરથી મોટરકાર ગુમ કરી દીધી. આવા અસંખ્ય પ્રયોગો વડે તેણે દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા!

જાદુનો તમાશો પૂરો થયા બાદ લોકોએ જાદુગર માટે જોરદાર તાળીઓ પાડી અને મેદનીની તાળીઓ સાંભળી પેલો જાડી ચામડીનો નેતા ઈર્ષ્યામાં સળગી ઊઠ્યો. દોડીને સ્ટેજ પર આવી, પોતાનું ગંધાતું થૂંક માઈક ઉપર ઊડાડતાં ઊડાડતાં એણે પ્રવચન (કુવચન?) શરૂ કર્યું :

"ભાઈઓ અને બહેનો ! આ જાદુગર આપણો મહેમાન છે અને મહેમાનોને માન આપવું એ આપણી સંસ્કૃતિ છે, પણ મને કહેવા દો કે એની પાસે છે એના કરતા પણ ચડિયાતી જાદુગરી મારી પાસે છે. એણે કાગળમાંથી પાણી કાઢી બતાવ્યું, પણ કેટલું? એક લોટા જેટલું. જ્યારે મેં કાગળ ઉપર સો જેટલા કૂવાઓ ગાળ્યા છે, ત્રણ તો ચેકડેમ બાંધ્યા છ અને માત્ર કાગળ ઉપર રહેલી યોજના દ્વારા શહેરના લાખો લોકો પાણી પી રહ્યા છે એ કેવડો મોટો જાદુ છે?

એણે એક યુવતીને હવામાં અદ્ધર કરી, પણ કેટલો સમય ? એક મિનિટ. એક વ્યક્તિને એક મિનિટ માટે હવામાં આધાર વગર લટકાવવી એ જાદુ નથી. અમે એટલે કે નેતાઓએ દેશની સવાસો કરોડની જનતાને સોનેરી સપના બતાવીને છેલ્લા સિત્તેર વરસથી હવામા અદ્ધર કરી છે, જેને હજુ સુધી જમીન પર લાવવાનું અને down to earth જિવાડવાનું અમે નામ પણ લેતા નથી.

એક જાદુમાં એણે એક યુવતીના શરીરના ટુકડા કરીને તરત જ જીવતી કરી દીધી. એ અને મૃત હાલતમાં વધારે સમય રાખી શક્યો નહી, કારણ કે એ નાનકડો જાદુગર છે. જ્યારે અમે તો ધર્મના નામે, કોમના નામે, ભાષાના નામે, સરહદના નામે, સત્તાના નામે હજારો માણસોના શરીરના ટુકડા કર્યા છે અને હજુ પણ મરેલાંને જીવતાં કરવાની દરકાર લીધી નથી.

એણે થોડાં કાચ અને લોખંડ ખાધાં એમાં કોઈ મોટી ધાડ પાડી છે ? અમે ટનના ટન લોખંડ ખાધું છે, ટ્રકો ભરીને સિમેન્ટ ખાધી છે, બ્રાસના બ્રાસ કપચી ખાધી છે, રેતી ખાધી છે, અમે આખેઆખા પુલ ખાધા છે, રોડ ખાધા છે પૂછો, અમારા જેટલું ખાઈ જવાની એનામાં તાકાત છે?

એણે એકલાએ આંખે પાટા બાંધીને મોટરસાઈકલ ચલાવ્યું એમાં કઈ મોટી ધાડ મારી છે ? અમે તો સવાસો કરોડ પ્રજાની આંખે પાટા બાધીને આવડા મોટા દેશને ચલાવ્યો છે. એણે સ્ટેજ ઉપરથી મોટરકાર ગુમ કરી દીધી એમાં તમે એને તાળીઓથી વધાવી લીધો. અમે તો દેશમાંથી શાંતિ ગુમ કરી, સભ્યતાને ગુમ કરી, મર્યાદાને ગુમ કરી, દેશદાઝ ગુમ કરી છે. છેલ્લા સિત્તેર વરસોમાં આવું તો અમે કેટલુંય ગુમ કરી દીધું. હવે તમે જ કહો કે કાર ગુમ કરનાર મોટો કે સંસ્કાર ગુમ કરનાર મોટો?

છેલ્લે એ સ્ટેજ ઉપર ભૂત અને પ્રેત લઈ આવ્યો. હું પણ લાવી શકું, પણ દિવસે, કારણ કે રાત્રે વિધાનસભા અને સંસદ બંધ હોય છે. બોલો ભારમાતા કી જય !"

મારી યાત્રા ગુરૂકુળ જીવનની...

- તારક જોષી
(દર્શનમ્ ઋષિકુમાર)

એક જિજ્ઞાસુ બાળક તરીકે આજથી લગભગ દસ વર્ષ પહેલા મે ગુરૂકુલમાં પ્રવેશ કર્યો હતો. જાણે એક નવી જ દુનિયામાં પ્રવેશ કર્યો, એક નવા જ જીવનમાં પ્રવેશ કર્યો, એક નવી જીવનશૈલીમા પ્રવેશ કર્યો અને મારુ જીવન સંપૂર્ણપણે બદલાઈ ગયું.

એક અસ્ત-વ્યસ્ત જીવનમાંથી એક સુસજ્જ, વ્યવસ્થિત જીવનનો આરંભ થયો. હા, પ્રમાણિકતાથી કહું તો શરૂઆતમાં તકલીફ઼ ઘણી પડી, પરંતુ ગુરુજનો અને સંતોના સતત માર્ગદર્શનને લીધે સંઘર્ષ હળવો પડતો ગયો.

મારા જીવનમાં સૌથી ઉત્તમ કોઈ કાર્ય થયું હોય તો એ મારો સંસ્કૃત ભાષા સાથેને પરિચય છે. જે ભાષાને હુ કેવળ કર્મકાંડ અથવા તો પંડિતોની ભાષા સમજતો હતો, જે ભાષાને હું નિરર્થક સમજતો હતો, એ ભાષાની વૈજ્ઞાનિકતા સાહજિકતા અને સરળતાનું જ્ઞાન મને ગુરૂકુલમાં આવ્યા પછી થયું. મને ખ્યાલ આવ્યો કે સંસ્કૃત ભાષા તો જીવનમાં વણાયલી ભાષા છે. ઉપરાંત સંસ્કૃત ભાષાને જાણ્યા-સમજ્યા બાદ વિવિધ શાસ્ત્રોનો પરિચય પણ થયો. વિશેષમાં ન્યાય-શાસ્ત્ર મારું જીવન બની ગયું, મારાં જીવનની જ્ઞાનયાત્રા બની થઈ.

મારી આ સંસ્કૃત સંસ્કારની યાત્રામાં પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીજી તથા તમામ ગુરુજનોનો સહકાર અપ્રતિમ રહ્યો. સૌ સંતો અને ગુરૂજનોના આશીર્વાદથી આજે ન્યાય શાસ્ત્રમાં આચાર્ય સુધીની યાત્રા મેં પૂર્ણ કરી છે ગુરૂકુલની એ એક એક ક્ષણ મારા જીવનને બદલતી રહી છે

ગુરૂકુળમાં અપાયેલા દરેક સંસ્કાર આજે મારા જીવનને પળે પળે સુવાસિત કરી રહ્યા છે. પ્રાતઃકાળમાં વહેલા ઊઠવું, દિવસની શરૂઆત પરમાત્માની પૂજાથી કરવી, સંધ્યા આદિક નિયતકર્મ કરવાં, યોગ સૂર્યનમસ્કાર અને વ્યાયામ કરવો, મનની શાંતિ માટે પ્રાણાયામ અને ધ્યાન કરવું, ગુરુભાવ સાથે ગુરુ પાસેથી વિદ્યાનો અભ્યાસ કરવો...

સંપૂર્ણ દિવસના નિત્યકર્મથી મારું જીવન અનુશાસનથી પૂર્ણ થયું. એટલું જ નહી, વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈને આત્મવિશ્વાસની કેળવણી પણ થઈ. વિભિન્ન પ્રદેશોમાં જઈ વિવિધ વ્યક્તિઓ અને સંસ્કૃતિનો પરિચય થયો. ગુરૂકુલની દરેક ક્રિયાઓમાં જીવનનું ખરુ વિજ્ઞાન જાણવા મળ્યું. સૌથી મોટી વાત એ છે કે, આ દરેક પરિવર્તન અજાણતા થયું. મને ખ્યાલ પણ ન આવ્યો અને મારામાં જીવનના સંસ્કાર સિંચાઈ ગયા!

આજે હું પોતે ગુરૂકુલમાં કમ્પ્યુટર અને સંસ્કૃત અધ્યાપક તરીકે કાર્ય કરી રહ્યો છું, ત્યારે હું એવું કહી શકું કે, શાસ્ત્રીજી મહારાજની એ વાત સો ટકા સાચી છે કે 'ગુરૂકુલનો એક એક વિદ્યાર્થી એક એક ગુરૂકુલ છે,' કારણ કે ગુરૂકુલે એક અણસમજુ, અજ્ઞાની, જિજ્ઞાસુ બાળકને અધ્યાપકના સ્વરૂપમાં પરિવર્તિત કર્યો છે. જેના માટે હું ગુરૂકુલ, સંતો અને ગુરૂજનોનો જીવનભર આભારી રહીશ. ● ●

ભક્તિસત્ર-૨ અંતર્ગત

૧૦૮ સંહિતા પારાયણ

અધિકમાસના પવિત્ર દિવસોમાં

૨૫ થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧

સ્થળ : SGVP ગુરુકુલ રીબડા (રાજકોટ)

નોંધ દિવંગત આત્માઓની પવિત્ર સ્મૃતિમાં તેમજ તેમના મોક્ષ માટે શાસ્ત્રીય આજ્ઞા પ્રમાણે શ્રીમદ્ ભાગવત તથા શ્રીમદ્ સત્સંગિજીવનનગ્રંથનો સંહિતાપાઠ કરાવી શકાય છે. ઉપરાંત શુભ સંકલ્પ પૂર્તિ માટે તથા ભગવત્ પ્રસન્નતા માટે સંહિતાપાઠ કરાવી શકાશે.

સંપર્ક ચેમ્બુનગર ગુરુકુલ (સાધુ મુક્તસ્વરૂપદાસ) મો. ૯૦૯૯૦૯૯૨૫૫૬ રીબડા ગુરુકુલ (સાધુ ધર્મવત્સલદાસ) મો. ૯૮૭૯૦૦૦૦૬૫૫
SGVP ગુરુકુલ (સાધુ ગુણાતીતનંદદાસ) મો. ૯૨૬૫૯૫૬૬૭૧૩ ઢોલેરા ગુરુકુલ (સાધુ નરનારાયણદાસ) મો. ૯૬૦૯૯૦૭૭૭૨૬

સૂરજ સામે ધૂળ



- હરદાસભાઈ સાવલિયા

જેતલપુરનો ઉત્સવ પૂરો થતા સર્વે હરિભક્તો મહારાજની રજા લઈ પોતપોતાના ઘરે જવા લાગ્યા. વિસનગરના હરિભક્તોએ પણ મહારાજ પાસે આવી રજા માગી. મહારાજે કહ્યું, "તમારે ત્યાં દેશકાળ તો સારા છે ને? સત્સંગનું સુખ તો બરાબર મળે છે ને?"

હરિભક્તોની આંખો સ્હેજ ભીંજાણી. હાથ જોડી બોલ્યા, "મહારાજ ! તમે તો અંતર્યામી છો. બધું જાણો છો, છતાં પૂછો છો ? તમને શી વાત કહીએ ! ત્યાંનો સૂબો લાલદાસ સત્સંગીઓનો વેરી થયો છે. માથે માછલાં ધોવે એવાં દુઃખ આપે છે. પીડા એવી આપે છે કે વાત કરતાંય હૈયું ચિરાઈ જાય. દિન-પ્રતિદિન તેનો ત્રાસ વધતો જાય છે, તેથી સત્સંગનું સુખ બરાબર આવતું નથી."

સાંભળતાં જ કરુણાસાગર મહારાજનું હૈયું આળું બની ગયું આંખની પાંપણે પાણીનાં ટશિયા ફૂટ્યા. ઉદાસ હૈયે હળવેથી બોલ્યા, "શું તેનો એટલો બધો ત્રાસ છે?"

"હા, મહારાજ ! એવો નિર્દય કદાચ આ જગતમાં બીજો જોવા ન મળે. સત્સંગીઓ પર ખાટા આળ ઓઢાડે, જેલમાં નાંખે, ઉનાળાના ધોમધખતા તાપમાં ઉઘાડે દેહે કલાકો સુધી શેકે, રેતીમાં દોટ મેલાવે, આળોટાવે."

મહારાજની આંખેથી શ્રાવણ-ભાદરવો વહેતા થયા, એ હરિભક્તોથી જોવાયું નહીં. મનને વાળનાં પોતે જ પોતાનાં દુઃખનું આશ્વાસન લેતા બોલ્યા, "મહારાજ ! આ તો અમારી કસોટી હશે ! કાં પરભવના એવા ભૂંડા કરમની સજા, એમ માની અમે સહીએ છીએ. ઓલ્યા ધ્રુવ, પ્રહ્લાદ જેવા તો દુઃખ માથે નથી પડ્યાને ? એનુ અંતરમાં ઉદાહરણરૂપે મનન કરી તમારુ સ્મરણ કરીને બધું વેઠી લઈએ છીએ."

ભક્તવત્સલ ભગવાનનું હૈયું અજંપ બન્યું, અંતર ડૂસકે ચડ્યુ અને પાણીના પરપોટા ફૂટે તેમ હોઠેથી શબ્દો સર્યા, "ભક્તોની સહાય માટે તો અમે અક્ષરધામ મેલી દેહ ધરી આવ્યા છીએ, તો પછી એમાં કાચપ્ય કેમ રખાય? બેદું કેમ રહેવાય?"

અને થોડા દિવસ જતા એક રાત્રે શ્રીહરિએ અક્ષર ઓરડીમાંથી છાનામાના બહાર નીકળી વિસનગરની વાટ પકડી. અનંતકોટી બ્રહ્માંડના અધિપતિની માત્ર ભ્રકુટી બદલાય તો તુરંત બ્રહ્માંડ આખું ડોલી ઊઠે, દક્ષણ સો પટણ કરી મેલે. એને ક્યાં જન્મ લેવાની કે પ્રગટ થઈ કાર્ય કરવાની જરૂર હતી ? ધરતીકંપ, વાવાઝાડુ, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ કે જળપ્રલય, એવા તો તેની પાસે કેટલાયે પ્રયોગો છે, છતાય ભગવાન ધર્મ સ્થાપવા, ભક્તોનુ રક્ષણ કરવા આ બધુંય કરતાં સૂકા ભેગું લીલું પણ બળે તેથી તેની ઇચ્છા ન કરી. તેમણે તો જીવનું કલ્યાણ કરવાનું કાર્ય હાથ ધરેલું હતું. તેને સાચી સમજણ આપી અક્ષરધામમાં લઈ જવાના હતા.

મહારાજ વિસનગરે લાલદાસ સૂબાની બહેન ઉદયકુંવરબાને ઘરે આવી ઊભા. આમ અચાનક અહુરા ટાણે મહારાજને જોઈ ઉદયકુંવરબા અચંબો પામ્યા અને બોલ્યા, "અહો હો મહારાજ ! તમે ? આવા ટાણે ? એકલા જ છો કે?"

મહારાજે પ્રશ્નોત્તર દેવાની ઝંઝટ ન કરી, બેઠક લઈ કહ્યું, "તમે પ્રશ્નો પછી કરજો. અમને ભૂખ લાગી છે, જમવાનું હોય તો આપો. લાંબો પંથ કાપ્યો છે, તેથી થાક પણ લાગ્યો છે."

થાળ જમ્યા પછી ઉદયકુંવરબાના પુત્ર બળદેવને કહ્યું, "તું મામાને કહી આવ કે સ્વામિનારાયણ તમને મળવા આવે કે તમે તેને મળવા આવો છો ?" બળદેવ સાભળતા જ થથરી ગયો. હૈયામાં ધરબાઈ ઊભો રહ્યો. તેને થયું, મહારાજને કહી દઉં કે તમે વાઘની બોડ્યમાં હાથ નાખવો રેવા દ્યો, એ મામા કંસનો બીજો અવતાર છે. તમને પકડવા માટે તો એણે આરબની પલટણ રાખી છે અને એને સામેથી તમે ખબર આપતા સૂતા સાવજ જગાડવા જેવું થશે, એ હેરાન કરી મેલશે. તે કોઈના સમજાવ્યા સમજતા નથી, નહીં તો અમે જ એ પ્રયત્ન કરત.

બળદેવને ભગવાનની આ મનુષ્યલીલા અકળ થઈ પડી. મનોમન મૂંઝવણના ભારમાં દબાતો રહ્યો. થોડીવારે વિચારોના વાદળો વીખેરી બોલ્યો, "ભલે, અત્યારે તો સુખે શયન કરો. રાત ખૂબ વીતી ગઈ છે, સવારે જઈ તેને

ખબર આપીશ.''

લાલદાસ સૂબાને ખબર મળતાં જ તે અગ્નિના નિખારા જેવો લાલ બની ગયો. બળદેવે કહ્યું, ''મામા ! તમે તેને મળવા આવો છો, કે તેઓ તમને મળવા આવે ?''

આટલાં વેણ સાંભળતાં તો જ્વાળામુખી બનેલા લાલદાસે ત્રાડ નાખી કહ્યું, ''ભાણા ! તારા ભગવાનનાં દર્શન અમારી આરબ બેરખ પહેલા કરશે. પણ.. ભાણા ! તને આવું ગાંડપણ શું સૂઝ્યું છે ? એ માણસ જેવો જ માણસ છે, તેને તમે ભગવાન માની બેઠા છો ! એ જ મૂખતા છે. મારી સમજમાં એ નથી આવતુ કે તમને કેવું ભૂત ભરાયું છે ? તેનામાં તમે એવું તે શું ભાળી ગયા છો ? કે પછી તેણે કંઈ મેલી વિદ્યાના જોરે તમને વશ કર્યા છે ?''

''મામા ! તમારી સમજણફેર છે. તમે ધન વૈભવ સત્તાના મદમાં કોઈ માણસનેય નથી ઓળખતા, તો પછી ભગવાનને તો ક્યાંથી ઓળખો ?''

''તારી સાથે મારે જીભાજોડી નથી કરવી. તું અહીંથી જા, હવે હું છું અને ને છે ! સામે ચાલીને શિકાર જાળમાં ફસાયો છે, તો બરાબર તેનો તાગ લઈ લઈશ. માંડ લાગમાં આવ્યો છે. આજે તો તેનું ભગવાનપણું જ હું ભૂલાવી દઈશ.''

જતા જતા બળદેવથી ન રહેવાયું એટલે કહ્યું, ''મામા! મીઠાની પોટલી સમુદ્રની ઊંડાઈ માપવા જાય તો શુ લાભ થાય ? ભગવાન સાથે બાથ ભીડવી સારી નથી. હિરણ્યકશિપુ, કંસ, રાવણ વગેરે તમારાથીય બળિયા, બુદ્ધિશાળી અને સમર્થ હતા, છતાં તેઓ હાર્યા હતા !''

ભાણાનાં વેણે વેણે સૂબા લાલદાસને હૈયે ડામ પડતા હતા. એ જ વેળાએ તેણે ત્રીસ આરબોની ટૂકડી મોકલતા કહ્યું, ''જો જો, કોઈની પણ શેહશરમ ન રાખતા. દયા રાખ્યા વિના એ સ્વામિનારાયણને દોરડા બાંધી ઢસડતા અહી લાવજો.'' હુકમ થતા મહારાજ પાસે કટકનો મોવડી જમાદાર આવી ઊભો. મહારાજે તેની પર દૃષ્ટિ નાંખી, એ જ પળે તે સમાધિમાં લીન થઈ ગયો. થોડીવારે સમાધિમાંથી જાગતાં જ દોટ મેલી મહારાજના પગમાં પડી કહેવા લાગ્યો, ''હે ખુદા ! મને માફ કરો. આજે તમારો સાક્ષાત્કાર જોયો અને હું ધન્ય બની ગયો. મારાથી કંઈ અપરાધ થયો હોય તો રહેમ કરો.'' એટલું બોલી તે નમન કરી આરબ બેરખ પાછી લઈ સૂબા પાસે આવી કહેવા લાગ્યો, ''સરકાર ! મને માફ કરજો. આ કાર્ય મારાથી નહીં થાય. એ તો ખુદા છે. તેની સાથે બાથ ભીડવા હું નહીં જાઉં. આપ પણ મારી વાત માની લ્યો, તો સારું !''

પોતાના હુકમનો અનાદર થયો સમજી અપમાનિત સૂબો ઉશ્કેરાઈ ગયો અને બોલ્યો, ''જમાદાર ! તમે ફરજ ચૂક્યા છો. મારા હુકમનો અનાદર કર્યો છે.''

''ના, ના, સરકાર ! હું તો લશ્કરનો સિપાઈ છું. દુશ્મન સામે લડવું એ તો મારું કર્તવ્ય છે. એ કેમ ભૂલું ? પણ આ તો ખુદા સામે તમે લડવા હુકમ કર્યો છે, એ મારાથી કેમ બને ? સૂરજ સામે ધૂળ ઉડાડવી એ સારુ નહી, આપણી આંખ્યમાં પણ પડે. તમેય તંત છોડી દ્યા અને અઘટિત કાર્ય મેલી દ્યો તો સારું.''

આરબો પાછા જતાં જ સ્વામિનારાયણ ભગવાન લાલદાસની કચેરીએ આવી લાલદાસના જ આસન પર બેઠક લઈ અને બોલ્યા, ''તમે જ લાલદાસ સૂબા કે ?''

કાળભૈરવની જેમ ચીડાયેલ સૂબો વધુ અકળાઈ ઊઠ્યો. ક્રોધાતુર બની કંઈ બોલ્યો નહીં. જડ જેમ સામે જોઈ રહ્યો. મહારાજે ફરી કહ્યું, ''અરે લાલદાસ ! તમે તો ઊંચા કુળના બ્રાહ્મણ છો. મોટાકુળમાં જન્મી, સંસ્કારો ખોઈ આ પાપનો ભારો શીદ બાંધો છો ? ધર્મ પાળનારાઓ ઉપર જુલમ કરવો એ પાપ તમને શોભતું નથી. તમે તો પ્રજાના પાલક પિતા ગણાવ.'' આટલું કહી મહારાજે લાલદાસ પર નજર સ્થિર કરી. એ જ વેળાએ લાલદાસ સમાધિમાં સરકી ગયો.

સમાધિમાં તેણે યમપુરી જોઈ. સૂક્ષ્મદેહે પીડાવા લાગ્યો. યમદૂતોના મારથી સ્થૂળ શરીર પણ ઉછળવા લાગ્યું. તેની વેદનાનો કંઈ પાર ન રહ્યો.

મહારાજને દયા આવી. તેને જાગૃત કર્યો. જાગૃત થતા જ લાલદાસ દોટ મેલી મહારાજના પગ પકડી કરગરતો બોલવા લાગ્યો, ''હુ સાવ અજ્ઞાની, ધન, સત્તાના મદમાં અનેક જીવનોને દૂભવ્યા. પાર વિનાની યાતના આપી. આ સ્વર્ગ નરકનું શાસ્ત્રનું કથન સત્ય નહોતો માનતો, જેનો આજે અનુભવ થયો. મારા પર દયા કરો. મારા ગુના માફ કરો. આપનાં દર્શન થતાં મારો આ જન્મારો સફળ થઈ ગયો. હુ પાપકર્મથી હવે પાછો ફરીશ. આપ પરમાત્મા જ છો, તેની મને પ્રતીતિ થઈ ચૂકી છે.''

એ પછી લાલદાસે શ્રીજી મહારાજનું વિધિવત્ પૂજન કર્યું, નવાં આભૂષણો ભેટ ધરાવ્યાં, થાળ ભરી સોનામહોર ધરી મહારાજના હાથે કંઠી ધારણ કરી.

મહારાજે સર્વ દાન-ભેટ બ્રાહ્મણોમાં ત્યાં જ વહેંચી દઈ, વિસનગરથી ગઢપુર પધાર્યા. ● ●

વચનામૃત ભૂમિકા-ગ્રંથ પ્રકાશન

ભગવાન શ્રી સ્વામિનારાયણે વિશિષ્ટાદ્વૈત મતને અનુસરી સંપ્રદાયનું બંધારણ બાંધ્યું છે ભગવાન સ્વામિનારાયણના સિદ્ધાંતો વચનામૃત, શિક્ષાપત્રી, સત્સંગિજીવન જેવા ગ્રંથોમાં ખૂબ સારી રીતે નિરૂપાયા છે. એમાં પણ વચનામૃત ગ્રંથ અદ્‌ભુત અને અજોડ છે. આ ગ્રંથમાં વેદ, પુરાણ, સ્મૃતિ વગેરે અનેક ગ્રંથોના પ્રમાણ સાથે શ્રીહરિએ પોતાના સિદ્ધાંતોનુ નિરૂપણ કર્યું છે. શ્રીહરિના મતને અનુસરીને સાચી ઉપાસના સમજવા માટે પણ વચનામૃત ખરી રીતે ઉપયોગી છે. આજે અનેક લોકો ભગવાન શ્રીહરિ અને એમના સંતોનાં વચનોના ઉલટા અર્થ કરી ઉપાસના પદ્ધતિમાં ગડબડ કરી રહ્યા છે ત્યારે મુમુક્ષુઓને સાચુ માર્ગદર્શન મળે એવા હેતુથી શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદના અધ્યક્ષ પરમ પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીએ ખૂબ જ મનન ચિંતન સંશોધન કરીને 'વચનામૃત ભૂમિકા' નામનો ગ્રંથ ગુજરાતી ભાષામાં તૈયાર કર્યો હતો.

આ વચનામૃત ભૂમિકા ગ્રંથ સંપ્રદાયના તમામ સંતોએ ખૂબ વખાણ્યો અને સંસ્કૃત યુનિવર્સિટીના સંચાલકો દ્વારા પણ બિરદાવાયો. એ પછી આ ગ્રંથમાં વધારે સંશોધનો કરી સંસ્કૃત ભાષામાં તૈયાર કરવામાં આવ્યો. આ સંશોધિત ગ્રંથને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં સ્વામિનારાયણ વેદાંત વિષયમાં શાસ્ત્રી કક્ષાના અભ્યાસક્રમમાં સ્થાન પણ મળ્યું. ગુરુકુલ પરિવાર તથા સારાએ સંપ્રદાય માટે આ એક ગૌરવની ઘટના છે.

સંસ્કૃત ભાષામાં તૈયાર થયેલા આ 'વચનામૃત ભૂમિકા' ગ્રંથનું વિમોચન કાર્તિકી સમૈયા દરમિયાન વડતાલ ખાતે તારીખ ૧૬ નવેમ્બરના રોજ કરવામાં આવ્યું હતુ. વડતાલ પિઠાધિપતિ આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજના હસ્તે તથા સંપ્રદાયના અનેક સંતોની ઉપસ્થિતિમાં ગ્રંથનું વિમોચન થયું ત્યારે સૌએ તાળીઓના ગડગડાટથી આ ક્ષણને વધાવી લીધી હતી.

વડતાલ સંસ્થા દ્વારા પ્રકાશિત આ ગ્રંથના વિમોચન પ્રસંગે આચાર્ય મહારાજશ્રીએ પોતાનો રાજીપો દર્શાવતા કહ્યું હતું કે, આજે સંપ્રદાયમાં શાસ્ત્રીજી જેવા સંતો દ્વારા સાચો સિદ્ધાંત જળવાઈ રહ્યો છે. અમે શાસ્ત્રીજી ઉપર ખૂબ રાજી છીએ.

આ ગ્રંથમાં સ્વામનારાયણીય પરંપરાના સિદ્ધાંતો અને તત્વજ્ઞાનનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ ગ્રંથમાં શ્રીજી મહારાજના અવતારી કાર્યનું પ્રતિપાદન અને સર્વોપરિતા દર્શાવી છે, અવતાર અવતારીઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ઉપરાંત અનેક મનનીય અને અનુસરણીય મુદ્દાઓનો સમાવેશ આ ગ્રંથમા થયા છે. વિદ્યાર્થી સંતો અને જિજ્ઞાસુ ભક્તોએ અભ્યાસ કરવા જેવો આ ગ્રંથ છે.

દિપાવલી મહોત્સવ, અમેરિકા

'શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર' અમેરીકા - સવાનાહ ખાતે દિપાવલી મહોત્સવ ખૂબ જ ભવ્યતાપૂર્વક ઉજવવામાં આવ્યો. દિવાળીના પવિત્ર દિવસે મંદિરમાં બિરાજમાન દેવોની સમક્ષ દિપમાળા પુરવામાં આવી; મંદિરમાં ચોકમાં બસો એકાવન દિવડાઓ પ્રગટાવવામાં આવ્યા અને સુંદર રંગોળીઓ પુરવામાં આવી. સંધ્યા સમયે દિપમાળા મધ્યે શોભતા ભગવાનની સંધ્યાઆરતી કરી, દિવાળીના પદોના ગાન સાથે નર્તન કરી દિપોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્તિક સુદ પડવાના રોજ નવા વર્ષના દિવસ ભગવાનની સમક્ષ ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. જેમા વિવિધ પ્રકારની મીઠાઈ, ફરસાણ ઉપરાંત અમેરિકામાં વસતા ભારતીય ભાવિક ભક્તોએ પીઝા, કેક, ડોનટ વગેરે વિવિધ પ્રકારની આધુનિક વાનગીઓ પવિત્રપણે તૈયાર કરીને ભગવાનને અર્પણ કરી હતી. ઉત્સાહી ભક્તજનોએ વિવિધ પ્રકારના ફળો તથા શાકભાજીમાં સુંદર કોતરણી કરીને અન્નકૂટને સુશોભિત કરવાની સેવા કરી હતી. આ અવસરે વહેલી સવારથી સાંજ

સુધી દૂર-સુદૂરથી ભક્તજનો ભગવાનનાં દર્શનનો લાભ લેવા પધાર્યા હતા. તથા પૂજ્ય સ્વામીજીએ વિડિયોના માધ્યમથી સૌને મંગલ આશીર્વાદ પાઠવ્યા હતા.

સંધ્યા આરતી બાદ મંદિરમાં ચાલતા 'બાલ વિકાસ કેન્દ્ર'ના બાળકોએ ખૂબ જ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. જેમાં શ્લોક ગાન, દિવાળી મહિમા પ્રવચન, વિવિધ નૃત્યો તથા રાસ રજૂ કરીને ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. ઉત્સવ પૂર્ણ થયા બાદ અન્નકૂટનો પ્રસાદ સવાનાહના આસપાસના વિસ્તારમાં રહેતા તમામ ભારતીય ભાઈઓના ઘરે ઘરે પહોંચાડવામાં આવ્યો હતો તેમજ અન્નકૂટોત્સવમાં ભગવાનને ધરાવવામાં આવેલા તમામ પ્રકારના ફળ વૃદ્ધાશ્રમમાં નિવાસ કરતા વડીલોને વહેંચવામાં આવ્યા હતા. આ તમામ આયોજનને સુંદરતા પૂર્વક સફળ કરવામાં સંસ્થા સાથે સમર્પિતભાવથી જોડાયેલા સ્વયંસેવક ભાઈ-બહેનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક મહેનત કરી હતી.

આ ઉપરાંત તુલસીજીના વિવાહનો પ્રસંગ પણ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. તા. ૧૨ નવેમ્બર, શુક્રવારના દિને હલદી તથા મહેંદીનો પ્રસંગ ઉજવવામાં આવ્યો. તથા આ પવિત્ર પ્રસંગે બાળકો તથા બહેનોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા હતા. ભગવાનના લગ્ન પણ ખૂબ ધામધૂમથી સંપન્ન થયા હતા.

શ્રદ્ધાસુમન

આ.નિ. પૂજ્ય ધર્મતનયદાસજી સ્વામી :- ચલા-વાપી નિવાસી પૂજ્ય ધર્મતનયદાસજી સ્વામી ૨૯ સપ્ટેમ્બરના રોજ ૮૬ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. પૂજ્ય ધર્મતનયદાસજી સ્વામી ખૂબ ભજનનિષ્ઠ સંત હતા. સાધુતાના ગુણે શોભતા સ્વામીજીએ પોતાના શિષ્યોમાં પણ ખૂબ સારા ગુણોનું સિંચન કર્યું છે. ગુરુકુલ સાથે આ મંડળ ખૂબ આદરભાવ રાખે છે. ભગવાન શ્રીહરિ પવિત્ર સંત ધર્મતનયપદાસજી સ્વામીના આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા તેમના મંડળના તમામ સંતોને સાંત્વના અર્પે એવી પ્રાર્થના.

આ.નિ. પ.ભ, શ્રી લલિતભાઈ જીવાભાઈ વસાવડા :- સુપ્રસિદ્ધ વક્તા અને લેખક જય વસાવડાના પિતાશ્રી લલિતભાઈ ૨૦ ઓક્ટોબરના રોજ અક્ષરવાસી થયા છે. જય વસાવડા ગુજરાજ તથા ગુજરાતી ભાષાનું ઘરેણું છે. એમના દ્વારા અનેક પ્રેરણાદાયી પુસ્તકોનું લખાણ થયું છે. અનેક પ્રવચનો થયા છે. સમગ્ર વિશ્વમાં જય વસાવડા ગુજરાતી ભાષાનું ગૌરવ વધારી રહ્યા છે. એમના પિતાશ્રી લલિતભાઈએ ખૂબ જ કાળજી પૂર્વક જયભાઈનો ઉછેર કરેલો છે. ખાસ કરીને માતા-પિતાના અજોડ સમર્પણથી જય વસાવડા પોતાની ઉજ્જ્વળ કારકીર્દિ ઘડી શક્યા છે. છેલ્લી ક્ષણ સુધી જયભાઈએ પિતાશ્રીની ખૂબ સેવા કરી હતી અને આશીર્વાદ મેળવ્યા હતા. આદરણીય લલિતભાઈના પવિત્ર આત્માને ભગવાન પોતાના સાંનિધ્યનું સુખ અર્પે તથા જયભાઈ આદિક સર્વ પરિવારને સાંત્વના આપે એવી પ્રાર્થના. SGVP ગુરુકુલ ખાતે આયોજિત શ્રદ્ધાંજલિ સભામાં પૂજ્ય સ્વામીજીએ તથા ખૂબ મોટી સંખ્યામાં સાહિત્યકારોએ ઉપસ્થિત રહી લલિતભાઈને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

આ.નિ. પ.ભ, શ્રી કેશવભાઈ રાઘવભાઈ શેલડિયા :- ગામ રૂગનાથપુર નિવાસી પ.ભ. શ્રી કેશવભાઈ શેલડિયા ૨૫ ઓક્ટોબરના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી સ્વામી, જોગી સ્વામી તથા સદ્‌ગુરુ સંતોના પરમકૃપાપાત્ર કેશુબાપાના અક્ષરવાસથી સમસ્ત ગુરુકુલ પરિવાર ગહેરા શોકની લાગણી અનુભવે છે. કેશુબાપાનું ભક્તિ પરાયણ જીવન, એમનો સત્સંગ, સંતોને વિશે એમને મહિમા, એમના પરિવારના સંસ્કારો અજોડ છે. કેટલાએ કીર્તનો, ભક્તચિંતામણિના પ્રકરણો કેશુબાપાને કંઠસ્થ. આખો દિવસ મંદિરમાં બેસી કીર્તનો બોલવા અને ભજન કરવું એમની દિનચર્યા. પૂજ્ય સ્વામીજી સાથે અંતરનો સંબંધ. કેશુબાપાના સુપુત્ર હિંમતભાઈના સુપુત્ર આજે ગુરુકુલમાં સંત જીવન જીવી રહ્યા છે. આ સમસ્ત પરિવાર ગુરુકુલને સમર્પિત છે. ભગવાન શ્રીહરિ કેશુબાપાના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો કનુભાઈ, ગુલાબભાઈ, હિમંતભાઈ, પૌત્ર દર્શિલ વગેરે સમસ્ત પરિવારને સાંત્વના આપે એવી પ્રાર્થના.

આ.નિ. પ.ભ. શ્રી કાંતિભાઈ બાબુભાઈ કાવર : ગુરુકુલના સન્નિષ્ઠ સેવક તથા ભગવાન શ્રીહરિ અને સંતોના કૃપાપાત્ર કાંતિભાઈ કાવર ૨૫ ઓક્ટોબરના રોજ અક્ષરવાસી થયા છે. વર્ષો સુધી ગુરુકુલ અને સંતોની સેવા કરી કાંતિભાઈએ ખૂબ રાજીપો મેળવ્યો હતો. એમની ભગવાન શ્રીહરિ અને સંતો પ્રત્યેની નિષ્ઠા પણ અજોડ હતા. ભગવાન શ્રીહરિ કાંતિભાઈના પવિત્ર આત્માને પોતાના સાંનિધ્યનું અચળ સુખ અર્પે તથા સુપુત્ર ભાવેશભાઈ તથા સર્વ પરિવારને શ્રીહરિ ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી વાલજીભાઈ નારણ મૂળજી : શ્રીજી મહારાજ તથા સદ્‌ગુરુ સંતોનો પરમ કૃપાપાત્ર વાલજીભાઈ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ અને સંતો પ્રત્યે સેવા-સમર્પણ અને નિષ્ઠાથી ભરેલા વાલજીભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાના ચરણોનું સાંનિધ્ય અર્પે તથા સમસ્ત પરિવારને ધીરજ અર્પે તથા સત્સંગ-સેવા કરવાનું બળ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. વિઠ્ઠલભાઈ વિરડિયા :- અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી વિઠ્ઠલભાઈ વિરડિયા તા. ૨૪ ઓક્ટોબરના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ગુરુકુલ તથા સંતો વિષે અનન્ય નિષ્ઠા ધરાવે છે અને ખૂબ સેવાઓ કરે છે. ભગવાન શ્રીહરિ વિઠ્ઠલભાઈના આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર જયેન્દ્રભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શિવજીભાઈ રામજી ગામી :- ગામ કેરા નિવાસી તથા ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત શિવજીભાઈ ગામી ૭ નવેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. સંતો પ્રત્યે સદ્‌ભાવ તથા ગુરુકુલની સેવાપ્રવૃત્તિઓ સાથે જોડાયેલા શિવજીભાઈ ખૂબ સારા ભક્ત હતા. આ પરિવારની ગુરુકુલમાં ખૂબ સેવાઓ કરી છે. ભગવાન શ્રીહરિ શિવજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો ભીમજીભાઈ, રમેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ. ભ. શ્રી પોપટભાઈ નથુભાઈ ભીમાણા :- અમદાવાદ નિવાસી તથા ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને સમર્પિત સેવક જયેશ ભીમાણીના પિતાશ્રી પોપટભાઈ તારીખ ૧૩ નવેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન તથા સંતોમાં અતિ આત્મબુદ્ધિ ધરાવતા જયેશ ખૂબ નિષ્ઠાની સેવાઓ કરી રહ્યા છે. એમના સંસ્કારો તથા સમર્પણ અજોડ છે. જયેશના પિતાશ્રી પોપટભાઈ પણ ખૂબ સારો સત્સંગ રાખતા હતા અને ભજન કરતા હતા. ભગવાન શ્રીહરિ પોપટભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર જયેશ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી તુલસીભાઈ કરમશીભાઈ પટેલ :- અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી તુલસીભાઈ પટેલ ૧૫ નવેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. તુલસીભાઈને શ્રીજી મહારાજ તથા સંતો સાથે ખૂબ આત્મીયતા હતી. એમણે સારી રીતે સત્સંગ રાખ્યો હતો. ભગવાન શ્રીહરિ તુલસીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો વિમલ, હિતેશ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી સુશીલાબહેન ભરતભાઈ પંડ્યા :- ગુરુકુલ પરિવારના સેવક અને ભક્ત પરિવારના શ્રી સુશીલાબહેન પંડ્યા અક્ષરવાસી થયા છે. ગુરુકુલ તથા સંતો સાથે અત્યંત હેત ધરાવતા આ પરિવારની સેવાઓ ખૂબ રહી છે. ભગવાન શ્રીહરિ સુશીલાબહેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સાંનિધ્ય અર્પે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

પ. ભ. શ્રી હનુભાઈ સાંગાણી, અમદાવાદ
પ. ભ. શ્રી ધવલભાઈ ભીમાણી, અમદાવાદ
પ. ભ. શ્રી તિર્થ હિતેશભાઈ કથરોટીયા, અમદાવાદ
પ. ભ. શ્રી નિરજ રાજેશભાઈ જોષી, અમદાવાદ
પ.ભ. શ્રી વિપુલભાઈ ભુપતભાઈ ઉનડકટ, મુંબઈ
અ. નિ. સુશીલાબેન ભરતભાઈ પંડ્યા
- હ.અભયભાઈ ભરતભાઈ પંડ્યા
પ. ભ. શ્રી કિરણભાઈ અનિલભાઈ સોમાણી, ગોતા
પ. ભ. શ્રી હસમુખભાઈ પડશાળા, સુરત
પ. ભ. શ્રી વિવાન નિમેશભાઈ પટેલ, જર્મની
પ. ભ. શ્રી ભાવેન પ્રકાશભાઈ પટેલ, અમદાવાદ
પ. ભ. શ્રી અથર્વ ગીરીશભાઈ વાગડિયા, અમદાવાદ
અ.નિ. શ્રી નાગજીભાઈ કાકડિયા તથા મહેશભાઈ મુંજપરા
હ. પી. આર. પટેલ, અમદાવાદ
પ. ભ. શ્રી ત્રિકમભાઈ દુદાભાઈ પટેલ, અમદાવાદ
પ. ભ. શ્રી રવિભાઈ નરેન્દ્રભાઈ થાનકી, સાણંદ
પ. ભ. શ્રી કિરણભાઈ તથા ગોવિંદભાઈ પટેલ, અમદાવાદ
પ. ભ. શ્રી ચિમનભાઈ રફાળિયા
પ. ભ. શ્રી વિમલભાઈ તુલસીભાઈ પટેલ તથા
હિતેશભાઈ પટેલ, અમદાવાદ
પ. ભ. શ્રી ધર્મ હરેશભાઈ બોઘાણી, અમદાવાદ

આગામી આયોજન

તા. ૦૭/૧૨/૨૧, મંગળવાર : **શ્રી ઘનશ્યામ મહારાજ પાટોત્સવ,** સવારે ૭:૦૦ કલાકે અભિષેક તથા અન્નકૂટ દર્શન : અમદાવાદ ગુરુકુલ
તા. ૧૨/૧૨/૨૧, રવિવાર : **શ્રીહરી જયંતી :** નિલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, સવારે ૭:૦ કલાકે, અમદાવાદ ગુરુકુલ
તા. ૧૪/૧૨/૨૧, મંગળવાર : **મોક્ષદા એકાદશી**
તા. ૧૬/૧૨/૨૧, ગુરુવાર : **ધનુર્માસ પ્રારંભ :** રોજ સવારે કથા શ્રવણ, અમદાવાદ ગુરુકુલ.
તા. ૩૦/૧૨/૨૧, ગુરુવાર : **સફલા એકાદશી**

SGVP®
HOLISTIC HOSPITAL
FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

(કાર્ડિયોલોજી)

હૃદયરોગ વિભાગ

છાતીના દુખાવાને અવગણશો નહી

PM-JAY
પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત

- એન્જીયોગ્રાફી
- એન્જીયોપ્લાસ્ટી
- બાયપાસ સર્જરી ની

નિઃશુલ્ક સુવિધા ઉપલબ્ધ

ડો. ભુપેશ ડી. શાહ
M.Ch & DNB
કાર્ડિયોવાસ્કયુલર અને થોરાસીક સર્જન

ડો.કિષ્નકિશોર ગોયલ
MD, DM
કન્સલ્ટન્ટ - કાર્ડિયોલોજી

ન્યુરોલોજી વિભાગ (મગજને લગતા રોગો)

ઉપલબ્ધ સારવાર

- માથું દુખવું (આધાશીશી)
- ચક્કર આવવા
- ખેંચ અથવા વાઈ આવવી
- મગજમાં ગાંઠ હોવી (ટ્યુમર)
- મગજમાં લોહીની નસ ફાટવી (હેમરેજ)
- મગજની નસોની અન્ય બીમારી
- યાદશક્તિ કમજોર થવી

ડો. મંથન પટેલ
M.Ch. (Neurosurgery)
Consultant Neurosurgeon

ડો.સાગર બેટાઈ
MD, DM (Neurology)
Consultant Neurophysician

ડો. પ્રિયંક શાહ
MD, DM (Neurology)
Consultant Neurophysician

અપોઈન્ટમેન્ટ માટે સંપર્ક : 95122 00122 63598 55520

સ્થળ - SGVP કેમ્પસ, નિરમા યુનિ. સામે, S.G. હાઈવે, અમદાવાદ-૩૮૨૪૮૧

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2019-2021
Valid Upto 31-12-2021 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PBO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQ/92/2019-2021 valid upto 31-12-2021. Date of Publication is 25th of every month.

પરમ પૂજ્ય સ્વામીજી દ્વારા સંસ્કૃત ભાષામાં લખાયેલા અને સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં સામેલ થયેલા ગ્રંથ 'વચનામૃત ભૂમિકા'નું વિમોચન કરતા આચાર્ય મહારાજશ્રી, સદ્‌ગુરુ સંતો તથા વિદ્વાનો : કાર્તિકી સમૈયો-વડતાલ

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાન્નાહ-અમેરિકા ખાતે આયોજિત દિપાવલી મહોત્સવ પ્રસંગે ભગવાનને ધરાવવામાં આવેલ અન્નકૂટની આરતીનાં દર્શન કરતા ભક્તજનો તથા તુલસી વિવાહમાં ઉપસ્થિત ભક્તજનો

To.

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

છૂટક અંક રૂા. ૫/- વાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-